# અમીષના મોત કેસમાં ઓલપાડ પોલીસ મથકે ઘેરાવ

**200થી વધુ લોકો પોલીસ મથકે પહોંચ્યા, પાંચ દિવસ બાદ પણ હત્યાનો ગુનો નહીં નોંધાતાં પરિજનોનો ભારે રોષ**



જયેશ પટેલ

સાયણ: ઓલપાડના સરોલી ગામે અમીષ પટેલના શંકાસ્પદ મોતની ઘટનાએ ચકચાર જગાવી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધો હોવા છતાં મૃતકના પરિવારજનો દ્વારા હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પરિવારજનો અને સ્થાનિક સ્તરે ઊઠી રહેલા સવાલો વચ્ચે પાંચ દિવસ બાદ પણ હત્યાનો ગુનો નોંધાયો નહીં હોવાના આક્ષેપ સાથે રોષ ફાટી નીકળ્યો હતો. સરોલી ગામ સહિત કોળી પટેલ સમાજના ૨૦૦થી વધુ લોકો ઓલપાડ પોલીસ મથકે પહોંચ્યા હતા અને નિષ્પક્ષ તપાસ સાથે ન્યાયની માંગ ઉઠાવી હતી.

મૃતક અમીષ પટેલના ભાઈ નલીન પટેલ સહિત પરિવારજનોએ પોલીસને સીસીટીવી ફૂટેજ સહિત વિવિધ પુરાવા આપ્યા હોવા છતાં યોગ્ય કાર્યવાહી નહીં થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. પાંચ દિવસ બાદ પણ હત્યાનો કેસ નોંધાયો નહીં અને શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ નહીં થતાં પરિવારજનોની ધીરજ ખૂટી હતી. આ દરમિયાન મૃતક સ્વ. અમીષ પટેલની દીકરી ધ્રુવી પણ પિતાને ન્યાય અપાવવા પોલીસ મથકે પહોંચી હતી. અશ્રુભીની આંખે ધ્રુવીએ ઓલપાડ પીઆઈ સમક્ષ રજૂઆત કરી હતી. ધ્રુવીની સાથે મોટી સંખ્યામાં મહિલાઓ પણ આ લડતમાં જોડાઈ હતી. પરિવારજનો અને સમાજના આગેવાનોએ ઘટનાની તટસ્થ તપાસ કરી સત્ય બહાર લાવવાની માંગ કરી હતી. આ કેસમાં ઓલપાડ પોલીસે મોડી રાત્રે પાંચ શંકાસ્પદ યુવકોની અટકાયત કરી હતી.

જોકે, પરિવારજનો દ્વારા વધુ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ મોડી રાત્રે તમામ કહેવાતા આરોપીઓને ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ પીયૂષ પટેલ પોતાની ખાનગી કારમાં લઈ ગયા હતા અને સવારે ફરીથી પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. પરિવારજનોએ ઓલપાડ પીઆઈ સી.આર.જાદવને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. સાથે જ સમગ્ર મામલે તાલુકા પંચાયત પ્રમુખ પીયૂષ પટેલની ભૂમિકા અંગે પણ તપાસ કરવાની અને રાજીનામું માંગવાની રજૂઆત કરવામાં આવી હતી.

મૃતકના પરિવારજનો અને સમાજના લોકો દ્વારા ઓલપાડ પોલીસ મથકે પીઆઈ તથા તાલુકા પંચાયત પ્રમુખનો ઘેરાવ કરી ન્યાયની માંગ કરવામાં આવી હતી.

પરિવારજનો ન્યાય નહીં મળે ત્યાં સુધી પોલીસ મથકે જ ધરણાં પર બેસી ગયા હતા. પરિસ્થિતિને પગલે ઓલપાડ પીઆઈ સી.આર.જાદવે જાહેરમાં ખાતરી આપવી પડી હતી કે તપાસમાં જે કોઈ આરોપી સામે આવશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. પરિવારજનો દ્વારા આ ખાતરી બાદ પણ નિષ્પક્ષ તપાસ અને સત્ય બહાર લાવવાની માંગ યથાવત રાખવામાં આવી હતી.

### પરિવાર અને ગ્રામજનોને જિલ્લા એસ.ઓ.જી. પોલીસની તપાસમાં વિશ્વાસ

અમિષ પટેલના શંકાસ્પદ અકસ્માત મોતની ઘટના મામલે જિલ્લા એસ.ઓ.જી. પોલીસને તપાસ સોંપાતાં પીઆઇ એ.ડી. અડોદરિયાએ ઘટના સ્થળ સહિત આજુબાજુના સીસીટીવી કેમેરાનાં ફૂટેજ, મૃતકનો મોબાઇલ સહિત અન્ય પુરાવાઓ કબજે લીધા છે. જેની તપાસ ઉપરાંત મૃતકના ફોરેન્સિક અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ શકમંદ ઇસમો, સાક્ષીઓનાં નિવેદનો તથા અન્ય સંબંધિત પાસાંની મહત્ત્વપૂર્ણ તપાસ પૂર્ણ થયા બાદ જ આ ઘટનાની વાસ્તવિક હકીકત અંગે સ્પષ્ટતા થઈ શકે તેમ છે. જેથી પરિવારજનો અને ગ્રામજનો જિલ્લા એસ.ઓ.જી. પોલીસની તપાસ ઉપર બાજનજર રાખી ન્યાયની આશા સેવી રહ્યા છે.

# કોર્ટમાં પાસપોર્ટ જમા છતાં મહિલા કોંગ્રેસ પ્રમુખનો પુત્ર વિદેશ ફરી આવ્યો

**આગ્રા-દિલ્હીના બોગસ ભાડા કરારથી દસ્તાવેજો તૈયાર કર્યા, ખોટા સરનામે બીજો પાસપોર્ટ બનાવ્યો**

**ગાઝિયાબાદ આરપીઓમાંથી ૨૦૨૪માં બીજો ભારતીય પાસપોર્ટ મેળવ્યાનો ખુલાસો કર્યો**

**ભૂટાન થઈ બેંગકોક, સિંગાપોર અને દુબઈ, પરત નેપાળ મારફતે ભારત આવ્યો**

**ઈડીના પાવરબેંક મની લોન્ડરિંગ કેસમાં મૂળ પાસપોર્ટ જમા હતો, એટીએસએ પકડી લીધો**

### પાસપોર્ટ જમા હતો, છતાં ખોટા સરનામે નવો પાસપોર્ટ

એટીએસની તપાસ મુજબ હરિકેશનો મૂળ પાસપોર્ટ ઈડીના પાવરબેંક એપ મની લોન્ડરિંગ કેસ સંબંધિત કાર્યવાહી દરમિયાન જમા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આગોતરા જામીનની કાર્યવાહી દરમિયાન જામીન રદ થયા બાદ ધરપકડથી બચવા અને વિદેશ જવાના હેતુથી તેણે દિલ્હી ક્રાઇમ બ્રાન્ચમાં પાસપોર્ટ ગુમ થયાની ખોટી ફરિયાદ કરાવી હોવાનો પણ તપાસમાં ખુલાસો થયો છે.આ પછી દિલ્હી અને આગ્રાના ખોટા રહેઠાણ દર્શાવતા બનાવટી ભાડા કરારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એટીએસના જણાવ્યા મુજબ આધારકાર્ડમાં પણ આગ્રા, ઉત્તર પ્રદેશનું ખોટું સરનામું દર્શાવી દસ્તાવેજ મેળવ્યા બાદ તેના આધારે ૨૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગાઝિયાબાદ આરપીઓ માંથી C0538007 નંબરનો બીજો પાસપોર્ટ મેળવવામાં આવ્યો હતો.

### બીજા પાસપોર્ટથી વિદેશ પ્રવાસ

બીજો પાસપોર્ટ મેળવ્યા બાદ હરિકેશે તેનો ઉપયોગ કરીને ભારત બહાર પ્રવાસ કર્યો હોવાની વિગતો પણ એટીએસની તપાસમાં સામે આવી છે. એટીએસના કહેવા મુજબ તેણે ભૂટાન મારફતે બેંગકોક, સિંગાપોર અને દુબઈની મુસાફરી કરી હતી અને ત્યારબાદ નેપાળ મારફતે ભારત પરત ફર્યો હતો.તપાસ એ દિશામાં પણ આગળ વધી રહી છે કે બીજા પાસપોર્ટનો ઉપયોગ કરીને હરિકેશે કેટલા પ્રવાસ કર્યા હતા અને આ સમગ્ર પ્રક્રિયામાં અન્ય કોઈ વ્યક્તિની મદદ હતી કે કેમ. ઉપલબ્ધ ATS દસ્તાવેજમાં આ અંગે વધુ તપાસ ચાલુ હોવાનું જણાવાયું છે.

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના મની લોન્ડરિંગ કેસમાં મૂળ પાસપોર્ટ જમા હોવા છતાં ખોટા દસ્તાવેજો અને ઉત્તર પ્રદેશના બનાવટી સરનામાના આધારે બીજો ભારતીય પાસપોર્ટ મેળવી વિદેશ પ્રવાસ કરવાના આક્ષેપમાં અમદાવાદના હરિકેશ પ્રણવકુમાર પટેલને ગુજરાત એટીએસએ ઝડપી પાડ્યો છે. એટીએસની તપાસમાં હરિકેશ પાસે બે અલગ-અલગ ભારતીય પાસપોર્ટ હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ , હરિકેશ પટેલ ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો પુત્ર છે. એટીએસને મળેલી બાતમીના આધારે તપાસ કરતાં હરિકેશ પાસે પાસપોર્ટ નંબર S2528999 ઉપરાંત C0538007 નંબરનો બીજો ભારતીય પાસપોર્ટ હોવાનું બહાર આવ્યું હતું. પૂછપરછમાં એટીએસના જણાવ્યા મુજબ, S2528999 નંબરનો પાસપોર્ટ અગાઉના કેસની કાર્યવાહી દરમિયાન જમા કરાવેલો હોવા છતાં હકીકત છુપાવીને ખોટા દસ્તાવેજો અને ખોટી માહિતીના આધારે બીજો પાસપોર્ટ મેળવવામાં આવ્યો હતો.

### કરોડોની છેતરપિંડીથી બનાવટી દસ્તાવેજો સુધીના અગાઉના કેસ

એટીએસના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ , હરિકેશ પટેલ સામે અગાઉ પણ ગુનાઓ નોંધાયેલા છે. નારણપુરા પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨માં IPCની કલમ ૪૦૬, ૪૨૦, ૪૭૭(એ), ૧૨૦(બી) ઉપરાંત IT એક્ટ અને કંપની એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. જ્યારે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાં ૨૦૨૩માં IPCની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦(બી) હેઠળ ગુનો નોંધાયો હોવાનું એટીએસના સૂત્રોએ જણાવ્યું હતું.ગુજરાત એટીએસ દ્વારા હરિકેશ પટેલ સામે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નંબર ૬/૨૦૨૬ નોંધી છે. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૩૬(૨), ૩૩૭, ૩૩૮, ૩૩૯ અને ૩૪૦ તેમજ પાસપોર્ટ અધિનિયમ, ૧૯૬૭ની કલમ ૧૨(૧)(ખ) હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

**સરકારી નામ-પ્રતીકોનો દુરુપયોગ કરનાર ખાનગી સંસ્થાઓ સામે તવાઈ**

# બ્યુરો, કમિશન, મંત્રાલય, નેશનલ, ઓલ ઈન્ડિયા શબ્દો વાપર્યા તો આવી બનશે

**આ શબ્દોનો ઉપયોગ કરતાં પહેલા સરકારની મંજૂરી જરૂરી**

**સરકારી કચેરી જેવી ઓળખ ઊભી કરી નાગરિકોને ગેરમાર્ગે દોરતી સંસ્થાઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાશે**

ગાંધીનગર: સરકારી નામ, હોદ્દા અને રાષ્ટ્રીય પ્રતીકોનો ઉપયોગ કરીને સામાન્ય નાગરિકોમાં સરકારી સંસ્થા હોવાનો ભ્રમ ઊભો કરતી ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો, વ્યાપારી પેઢીઓ અને બિન-સરકારી સંગઠનો સામે ગુજરાત સરકારે કાર્યવાહીનો દોર શરૂ કર્યો છે. 'પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦'નું કડક અમલીકરણ કરવા સામાન્ય વહીવટ વિભાગે રાજ્યના તમામ વિભાગો, કચેરીઓ અને સક્ષમ નોંધણી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે. હવે ખાનગી સંસ્થાઓએ પોતાના નામમાં 'બ્યુરો', 'કમિશન', 'મંત્રાલય', 'સેન્ટર', 'ઓલ ઈન્ડિયા', 'નેશનલ' અને 'ભારતીય' જેવા શબ્દોનો ઉપયોગ કરતા પહેલાં લેખિત મંજૂરી લેવી પડશે.

કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાજ્યોને પાઠવવામાં આવેલા પરિપત્રના અનુસંધાને ગુજરાતમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેન્દ્રના ધ્યાન પર આવ્યું હતું કે કેટલીક ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ સરકારી વિભાગો જેવા લાગતા નામોનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, લેટરહેડ, વિઝિટિંગ કાર્ડ, ઓફિસના બોર્ડ અને વેબસાઈટ પર અશોક સ્તંભ, અશોક ચક્ર અથવા સરકારી સિક્કાઓની આબેહૂબ નકલનો ઉપયોગ કરીને સરકારી ઓળખ ઊભી કરવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે. આવી સ્થિતિમાં સામાન્ય નાગરિકો ખાનગી સંસ્થાને સરકારી માનીને નાણાં કે મહત્વના દસ્તાવેજો ગુમાવી શકે છે.

**નોંધણીના તબક્કે જ ભ્રામક નામો અટકાવાશે**

સરકારની સૂચના મુજબ રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝ, રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ અને સહકારી વિભાગ સહિતની સંબંધિત નોંધણી કચેરીઓએ અરજીના સ્ક્રીનિંગ અને નોંધણીના તબક્કે જ આવા ભ્રામક નામોને મંજૂરી ન મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ નામ અંગે શંકા કે વિવાદ ઊભો થાય તો મામલો કેન્દ્ર સરકારના ધ્યાને મૂકવાનો રહેશે અને કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાશે. ખાનગી સંસ્થા દ્વારા આવા શબ્દોનો ઉપયોગ કરવો હોય તો જરૂરી મંજૂરી ઉપરાંત સંસ્થાની ઓળખ 'ખાનગી સાહસ' તરીકે સ્પષ્ટ થાય અને તેનો સરકાર સાથે કોઈ સંબંધ કે સરકારી હેતુ નથી તે બાબત પણ સ્પષ્ટ કરવી પડશે. રાષ્ટ્રીય પ્રતીકો અને સરકારી ઓળખ સાથે સંકળાયેલી આ બાબતને ગંભીરતાથી લઈને કાયદાનો ભંગ કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં

**સુરતમાં 17 જેટલી કચેરીના 100થી વધુ કર્મચારીઓ**

# જમીન દફતરના કર્મચારીઓ બે મહિનાથી પગારથી વંચિત

**તાલુકા કક્ષાએ કચેરીઓનું વિકેન્દ્રીકરણ કરાયા બાદ પગાર અટક્યો હોવાની રજૂઆત**

**30 દિવસમાં સરકાર જો તેમના પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવે તો હડતાળની ચીમકી**

સુરતઃ ગુજરાતના જમીન દફતર વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓના છેલ્લા બે મહિનાથી પગાર નહીં થતાં કર્મચારીઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા હોવાની રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓના પગાર તાત્કાલિક ચૂકવવામાં આવે તેવી માંગ સાથે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ તેમજ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકને રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, જમીન દફતર ખાતાની જિલ્લા કક્ષાએ જિલ્લા નિરીક્ષક જમીન દફતર વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓની કામગીરી તાલુકા કક્ષાએ લઈ જવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત તા. 1 જૂન, 2026થી તમામ જગ્યાઓનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરી કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. જોકે, કામગીરીનું વિકેન્દ્રીકરણ અને તાલુકા કક્ષાએ કચેરીઓ શરૂ થયા બાદ પણ કર્મચારીઓના પગારને લઈને સમસ્યા ઊભી થઈ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. છેલ્લા બે મહિનાથી પગાર નહીં મળતાં કર્મચારીઓએ ઘરભાડું, ઘરખર્ચ, ઘરભથ્થા સહિતની નાણાકીય જવાબદારીઓ પૂરી કરવામાં મુશ્કેલી પડી રહી હોવાની રજૂઆત કરી છે. કર્મચારીઓએ જણાવ્યું છે કે, ઘરભાડું તથા અન્ય આવશ્યક ખર્ચાઓ માટે પગાર પર નિર્ભર કર્મચારીઓને હાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરતમાં કુલ 17 કચેરીઓમાં 100થી વધારે કર્મચારીઓ છે. આ તમામે આગામી 30 દિવસમાં તેમના પ્રશ્નનોનું નિરાકરણ નહી આવે તો હડતાળની ચીમકી આપી છે. જમીન દફતર વિભાગના તમામ કર્મચારીઓના છેલ્લા બે મહિનાના બાકી પગારની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી તાત્કાલિક પગાર ચૂકવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# SVNITમાં નાપાસને 'સેકન્ડ ચાન્સ' પણ નવા વિષયોમાં રજિસ્ટ્રેશન નહીં

**ચારથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓને સપ્લિમેન્ટરી, રિ-રજિસ્ટ્રેશન અને મેન્ટરિંગની તક, એક વર્ષમાં વિષયો ક્લિયર કરવા પડશે**

સુરતઃ SVNITની Academic Performance Review Committee (APRC) દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક પર્ફોર્મન્સ અંગે મહત્ત્વપૂર્ણ નિયમો નક્કી કરવામાં આવ્યા છે. 2023 પછીના બેચમાં ચારથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓનું 2026-27નું રજિસ્ટ્રેશન રદ થશે, પરંતુ તેમને અગાઉના સેમેસ્ટરના નાપાસ વિષયો પાસ કરવા સપ્લિમેન્ટરી પરીક્ષા, રિ-રજિસ્ટ્રેશન અને મેન્ટરિંગની તક મળશે. આ દરમિયાન નવા વિષયોમાં રજિસ્ટ્રેશન કરી શકાશે નહીં. સેકન્ડ ચાન્સ મળ્યા બાદ એક વર્ષની અંદર બાકી વિષયો ક્લિયર કરવા પડશે, અન્યથા રજિસ્ટ્રેશન રદ થશે.

'XX' ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓને પણ રિ-રજિસ્ટ્રેશન અથવા મેન્ટરિંગનો વિકલ્પ મળશે. બીજી તરફ ત્રણ કે તેથી ઓછા વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓને આગામી એક સેમેસ્ટરમાં રજિસ્ટ્રેશનની મંજૂરી મળશે. જોકે, 2023 પહેલાંના બેચમાં ત્રણથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન રદ થશે. કોર્સ પૂર્ણ કરવાની સમયમર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. B.Tech. છ વર્ષમાં અને મહત્તમ સાત વર્ષમાં, મેડિકલ કારણસર પણ સાત વર્ષથી વધુ નહીં; ઈન્ટિગ્રેટેડ M.Sc. મહત્તમ આઠ વર્ષમાં, જ્યારે M.Tech. મહત્તમ સાત સેમેસ્ટરમાં પૂર્ણ કરવો પડશે. હાજરીના નિયમો પણ કડક રહેશે.



# દક્ષિણ ગુજરાતમાંથી હવે ચોમાસું ધીમે ધીમે વિદાય તરફ આગળ વધ્યું

**તાપમાનમાં અઢી ડિગ્રીનો વધારો, ભારે વરસાદની શક્યતા નહિવત્**

સુરત : સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ બાદ વરસાદે ઉઘાડ લેતાં દિવસ દરમિયાન આછા વાદળછાયા વાતાવરણ વચ્ચે તડકો જોવા મળ્યો હતો. વરસાદી માહોલ ઓસરતા શહેરના તાપમાનમાં પણ વધારો નોંધાયો હતો. બીજી તરફ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાંથી હવે ચોમાસું ધીમે ધીમે વિદાય તરફ આગળ વધવાના સંકેતો આપ્યા છે.

હાલ દક્ષિણ ગુજરાતમાં વરસાદી સિસ્ટમની સક્રિયતા ઘટી રહી હોવાથી આગામી દિવસોમાં મોટા પાયે વરસાદની શક્યતા ઓછી હોવાનું હવામાન વિભાગના અનુમાન પરથી જણાઈ રહ્યું છે. 22 સપ્ટેમ્બરની આસપાસ એક સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, જોકે તેની અસર મુખ્યત્વે ઉત્તરપ્રદેશ તરફ રહેવાની શક્યતા છે. આગામી દિવસોમાં સુરત શહેર અને જિલ્લામાં ભારે વરસાદની શક્યતા નહિવત્ હોવાનું સ્થાનિક હવામાન પરિસ્થિતિ પરથી જણાઈ રહ્યું છે. જોકે ચોમાસાની લોકલ રેઈનફોલ એક્ટિવિટીના ભાગરૂપે શહેરના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. એટલે કે સમગ્ર શહેરમાં વ્યાપક વરસાદ કરતાં સ્થાનિક સ્તરે ટૂંકા સમય માટે વરસાદ થવાની શક્યતા વધુ રહેશે. આજે શહેરમાં મહત્તમ તાપમાનમાં અઢી ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

# ઉકાઈ ડેમમાં પાણીની આવક બંધ, સપાટી 337.66 ફૂટ

**સંગ્રહ ક્ષમતાના આશરે 81 ટકા જેટલો ડેમ ભરાયો**

સુરતઃ સુરત શહેરની સાથે ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદે વિરામ લેતાં આજે ડેમમાં પાણીની આવક બંધ થઈ ગઈ હતી.

પાણીની આવક બંધ થતાં ડેમમાંથી પાણી છોડવાની પ્રક્રિયા પણ બંધ કરવામાં આવી છે. આજથી ઉકાઈ ડેમનું રૂલ લેવલ 345 ફૂટ રાખવામાં આવ્યું છે, જ્યારે ડેમની હાલની સપાટી 337.66 ફૂટ નોંધાઈ છે. આમ, હાલ ડેમ રૂલ લેવલથી નીચે છે અને તેની કુલ સંગ્રહ ક્ષમતાના આશરે 81 ટકા જેટલો ભરાયેલો છે. આગામી દિવસોમાં ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદની સ્થિતિ પર પાણીની સપાટીમાં વધઘટનો આધાર રહેશે. ખાસ કરીને 22 સપ્ટેમ્બરની આસપાસની સિસ્ટમના કારણે જો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેચમેન્ટ વિસ્તારોમાં સારો વરસાદ થાય અને તેના પગલે ઉકાઈ ડેમમાં પાણીની આવક ફરી શરૂ થાય તો ડેમની સપાટી વધી શકે છે. અન્યથા વરસાદમાં વધુ વિરામ રહે તો હાલની સપાટી આસપાસ જળસ્તર જળવાઈ રહેવાની શક્યતા છે.

# ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર જતાં મુસાફરોને મોટી રાહત, તહેવારોમાં બે વિશેષ ટ્રેન દોડશે

**તહેવારોમાં ભીડ ટાળવા બાંદ્રા-બદની અને વલસાડ-ગોમતીનગર વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે**

સુરતઃ આગામી દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા સુરત સહિત ગુજરાતના વિવિધ સ્ટેશનો પરથી પસાર થતી બે વિશેષ સાપ્તાહિક ટ્રેનો ચલાવવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

પ્રથમ ટ્રેન તરીકે બાંદ્રા ટર્મિનસ અને બદની વચ્ચે સાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન દોડશે. ટ્રેન નંબર 05038 બાંદ્રાથી ૧૦ ઓક્ટોબરથી ૨૮ નવેમ્બર ૨૦૨૬ સુધી દર શનિવારે સવારે ૯:૩૦ કલાકે ઉપડીને બીજા દિવસે રાત્રે ૧૧:૩૦ કલાકે બદની પહોંચશે. જ્યારે પરતમાં ટ્રેન નંબર 05037 બદનીથી ૮ ઓક્ટોબરથી ૨૬ નવેમ્બર સુધી દર ગુરુવારે સાંજે ૭:૪૫ કલાકે ઉપડી શનિવારે સવારે ૬:૩૦ કલાકે બાંદ્રા પરત આવશે. કુલ ૧૬ ફેરા કરનારી આ અનારક્ષિત ટ્રેનમાં માત્ર જનરલ સેકન્ડ ક્લાસ કોચ ઉપલબ્ધ રહેશે, જે બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા અને બયાના સહિતના મુખ્ય સ્ટેશનો પર રોકાણ કરશે. બીજી ટ્રેન વલસાડ અને ગોમતીનગર વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે. ટ્રેન નંબર 05034 વલસાડથી ૬ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર સુધી દર મંગળવારે રાત્રે ૧૦:૧૫ કલાકે ઉપડી ગુરુવારે બપોરે ૨ વાગ્યે ગોમતીનગર પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 05033 ગોમતીનગરથી ૫ ઓક્ટોબરથી ૨૩ નવેમ્બર સુધી દર સોમવારે બપોરે ૨ વાગ્યે ઉપડી બીજા દિવસે સાંજે ૫ વાગ્યે વલસાડ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં નવસારી, સુરત, વડોદરા, રતલામ, કોટા, આગ્રા અને કાનપુર જેવા સ્ટેશનો પર થોભશે.

**કુંજ પંસારી દ્વારા વર્ષ 2008માં શરૂ કરેલી યશોદા મધર મિલ્ક બેન્કનો ઉદ્દેશ આજે પણ યથાવત**

# અમૃતમ્ ફાઉન્ડેશન દ્વારા પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ હ્યુમન મધર મિલ્ક બેન્ક શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ

સુરતઃ સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને સેવામાં હંમેશા અગ્રેસર રહેનાર કુંજબિહારી પંસારીના દીકરાનો જન્મ વર્ષ 2008માં થયો ત્યારે તે સમયે હોસ્પિટલમાં બીજા અન્ય બાળકનો પણ જન્મ થયો હતો, પરંતુ તે બાળકનું વજન માત્ર 700 ગ્રામ હતું અને તેને એનઆઈસીયુમાં રાખવામાં આવ્યો હતો. તે બાળકને માતાનું દૂધ નહીં પરંતુ કૃત્રિમ દૂધ આપવામાં આવતું હતું, જે બાળકના ભવિષ્ય માટે હાનિકારક બની શકે છે. ત્યારે ત્યાં હાજર કુંજ પંસારીએ વિચાર્યું કે, "મારા બાળકને માતાનું અમૃત ધાવણ મળે છે, જો એ જ અમૃત ધાવણ બીજા અન્ય જરૂરિયાતમંદ બાળકોને મળે તો એ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે છે."

ઘણા રિસર્ચ બાદ કુંજ પંસારીએ મધર મિલ્ક બેન્ક શરૂ કરવાનું નક્કી કર્યું. એ સમયે ભારતમાં કુલ 8 જ મિલ્ક બેન્ક ઉપલબ્ધ હતી અને 9મી મિલ્ક બેન્ક કુંજ પંસારીએ સુરત શહેરમાં શરૂ કરવાનું નક્કી કર્યું હતું. 11 ડિસેમ્બર, 2008ના રોજ જ્યારે કુંજ પંસારી રોટરી ક્લબ સુરત સી-ફેસના પ્રમુખ બન્યા ત્યારે સુરત મહાનગરપાલિકા, સુરત પિડિયાટ્રિક એસોસિએશન તથા "સુરત પીડિયાટ્રિક એસોસિએશન ચેરિટેબલ ટ્રસ્ટ (SPACT)"ના સહયોગથી સુરતની સ્મીમેર હોસ્પિટલમાં "યશોદા મધર મિલ્ક બેન્ક"ની શરૂઆત થઈ હતી, જે ગુજરાતની પ્રથમ મિલ્ક બેન્ક હતી. આ સેવાકીય કાર્યમાં ડૉ. કેતન શાહ અને ડૉ. ચેતન શાહ સહિતના તબીબોનો પણ સહયોગ રહ્યો છે. ત્યારથી અત્યાર સુધી 18 વર્ષોથી કુંજ પંસારી દ્વારા આ મિલ્ક બેન્કમાં પોતાની સેવા આપવામાં આવી રહી છે.

કુંજ પંસારી દ્વારા 2008માં શરૂ કરાયેલી આ પહેલથી જે માતાઓને પૂરતું ધાવણ આવી શકતું નથી અથવા કોઈ નવજાત બાળકના જન્મ બાદ માતાનું મોત થયું હોય એવા બાળકો માટે આ દૂધ અમૃત સમાન બને છે. આ ઉમદા કાર્યને આગળ વધારવા માટે વર્ષ 2022માં અમૃતમ્ ફાઉન્ડેશન શરૂ કરવામાં આવ્યું અને કુંજ પંસારી આ મિશનના અગ્રણી બન્યા. પુરુષ-પ્રધાન સમાજમાં જ્યારે તેમણે આ સામાજિક કાર્ય શરૂ કર્યું ત્યારે તેમણે ઘણા પડકારોનો સામનો કર્યો. અમૃતમ્ સંસ્થાએ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના સહયોગથી SPACT તથા તબીબી ક્ષેત્રના સહયોગીઓ સાથે મળીને 32 મધર મિલ્ક ડોનેશન કેમ્પનું આયોજન કર્યું છે.

આંકડા દર્શાવે છે કે છેલ્લા 18 વર્ષોમાં કુલ 10,91,254 લિટર દૂધ એકત્રિત કરવામાં આવ્યું છે, જેમાંથી કુલ 10,84,680 લિટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું છે. આશરે 8,471 શિશુઓએ આ દૂધ મેળવ્યું છે, અને દૂધ દાન કરનાર માતાઓની કુલ સંખ્યા 10,368 છે.

પુરુષ-પ્રધાન સમાજમાં કુંજબિહારી પંસારીએ આ સામાજિક કાર્ય શરૂ કર્યું ત્યારે ઘણા પડકારોનો સામનો કર્યો. આ સંસ્થા કુંજબિહારી પંસારીની અમૃતમ્ સંસ્થા, સુરત પીડિયાટ્રિક એસોસિએશન ચેરિટેબલ ટ્રસ્ટ (SPACT), ડૉ. કેતન શાહ, ડૉ. ચેતન શાહ તથા અન્ય મહિલા સંગઠનો સાથે મળીને બાળકોના સ્વાસ્થ્ય માટે કામ કરી રહી છે. તેમનો ધ્યેય સ્પષ્ટ છે: દરેક જરૂરિયાતમંદ નવજાત શિશુને માતાના દૂધની અમૂલ્ય ભેટ પૂરી પાડવાનો.

"બાળકના જન્મ સમયે, માતા જીવનની સૌથી અમૂલ્ય ભેટ - માતાનું દૂધ આપે છે. માનવ દૂધ ફક્ત બાળક માટે ખોરાક નથી; તે અમૃત જેવું છે, જે બાળકના સ્વસ્થ વિકાસ, રક્ષણ અને ભાવનાત્મક બંધન માટે મજબૂત પાયો બનાવે છે."

કુંજ પંસારીએ જણાવ્યું હતું કે આ મધર મિલ્ક બેન્કની સુવિધા માત્ર સરકારી હોસ્પિટલમાં નહીં પરંતુ પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ હોવી ખૂબ જ જરૂરી છે. આ ઉદ્દેશથી આવનાર વર્ષોમાં અમૃતમ્ ફાઉન્ડેશન દ્વારા એક પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ હ્યુમન મધર મિલ્ક બેન્ક શરૂ કરવામાં આવશે અને આ મધર મિલ્ક ડોનેશન કેમ્પ તથા જાગૃતિ અભિયાનને વધુ આગળ ધપાવવામાં આવશે.